શિક્ષણ સાગર એપ્લીકેશન દ્વારા સંપાદિત

પત્રક A ના નિષ્પત્તિ આધારિત પ્રશ્નો

ધોરણ – ૭



ગણિત

સત્ર – ૨



વર્ગ શિક્ષકશ્રીનું નામ : ....

વર્ગ : ....

શાળાનું નામ : ....

તાલુકો : .... **જિલ્લો :** ....

ધોરણ ૧ થી ૮ ની અધ્યયન નિષ્પત્તિ અને પાઠ આયોજન મેળવવા માટે ગુગલ પ્લે સ્ટોર પરથી શિક્ષણ સાગર એપ ડાઉનલોડ કરો.

શિક્ષણ સાગર

પ્રાસ્તાવિક

સંરચનાત્મક કે વિકાસાત્મક મૂલ્યાંકન

વિદ્યાર્થીઓની સિદ્ધિનું સ્તર જાણવા અને વિદ્યાર્થીઓની સિદ્ધિ પરથી નિદાન કરવા સંરચનાત્મક મૂલ્યાંકનનો ઉપયોગ થાય છે. વર્ગશિક્ષણ સાથે મૂળભૂત રીતે સંકળાયેલ આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીને માહિતી અપાયા બાદ, માહિતી વિતરણના કોઈ ચોક્કસ તબક્કે એટલે કે વિષયવસ્તુના કોઈ એક નિશ્ચિત એકમના શિક્ષણ બાદ કરી શકાય. આ પ્રકારનું મૂલ્યાંકન વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડે છે અને શિક્ષકો માટે અધ્યાપન અભિગમ સુધારવાની દિશા સ્પષ્ટ કરે છે. આ પ્રકારનું મૂલ્યાંકન અધ્યયન – અધ્યાપન પ્રક્રિયાના અંતર્ગત ભાગ તરીકે સ્વીકારાયેલ છે, મૂળભૂત રીતે વર્ગીશિક્ષણ સાથે સંકળાયેલ છે.

એકમ કસોટીઓ, શિક્ષક નિર્મિત અનૌપચારિક કસોટીઓ, સ્વાધ્યાયો, વિદ્યાર્થીની કચાશ પારખતી નિદાન કસોટીઓ વગેરે દ્વારા સંરચનાત્મક મૂલ્યાંકન હાથ ધરી શકાય. ટૂંકમાં કહીએ તો સંરચનાત્મક મૂલ્યાંકન વિષયવસ્તુની ચોક્કસ બાબતોના સંદર્ભમાં વિદ્યાર્થીઓનું પ્રવર્તમાન સિદ્ધિ સ્તર જાણવા માટે હાથ ધરાય છે. સંરચનાત્મક મૂલ્યાંકન એ સતત અને સર્વગ્રાહી રીતે ચાલતી અધ્યયન માટેના મૂલ્યાંકનની પ્રક્રિયા છે.

શાળાઓમાં વિદ્યાર્થીઓના સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન માટે યોજના તૈયાર કરતાં વિદ્યાર્થીઓના વિકાસના વિવિધ પાસાંને ધ્યાનમાં રાખી સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજનાને નીચેના જેવા ચાર વિભાગમાં વહેંચી શકાય:

(1) બૌદ્ધિક બાબતોના અભ્યાસના વિષયોનું મૂલ્યાંકન

(2) શારીરિક ક્ષમતા, સ્વાસ્થ્ય અને ઉત્પાદક કૌશલ્યોનું મૂલ્યાંકન

(3) સામાજિક ગુણો, શક્તિઓ અને સમજનું મૂલ્યાંકન

(4) વિવિધપ્રકારનાં મૂલ્યો, વલણો, અભિરુચિઓ, પસંદગીઓ અને દષ્ટિકોણનું મૂલ્યાંકન

ઉપરોક્ત વિભાગોને ધ્યાનમાં રાખી ક્યા વિભાગનું મૂલ્યાંકન કોણ કરશે, કઈ રીતે કરશે. વગેરે બાબતો શાળાના સમગ્ર શિક્ષકોની સક્રિય મદદ લઈ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનની યોજના તૈયાર કરવી જોઈએ. આ યોજના અમલમાં મૂક્યા પછી તેમાં જણાઈ આવતી ઉણપો સુધારી દર વર્ષે સુધારા- વધારા સાથેની યોજના અપનાવવી જોઈએ.

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન

સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (SCE) બાબત માર્ગદર્શન @ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સિદસર – ભાવનગર. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન સંદર્ભે તાલીમમાં વારંવાર કેટલાંક પ્રશ્નો પુછવામાં આવતાં હોય છે તે બાબતે અહીં કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી છે.

પ્રશ્ન : નવી અધ્યયન નિષ્પત્તિઓ જીસીઈઆરટી દ્વારા આપવામાં આવી છે તે કઇ રીતે ઉપયોગમાં લેવી ?

જવાબ : નવા પાઠ્યપુસ્તક સાથે તેમની અધ્યયન નિષ્પત્તિઓ પણ જીસીઈઆરટી દ્વારા તેમની વેબસાઈટ www.gcert.gujarat.gov.in પર મુકવામાં આવી છે . યાદ રાખીએ કે આ અધ્યયન નિષ્પત્તિઓ આદર્શ રીતે આપેલાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે . આ અધ્યયન નિષ્પત્તિઓમાં મુખ્ય નિષ્પત્તિ અને જરૂર મુજબ તેની પેટા અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે . સાથે જ જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યયન - અધ્યાપન માટેની પ્રવૃત્તિ પણ આપવામાં આવી છે . જ્યારે પણ આપણે વિદ્યાર્થીને અધ્યયન - અધ્યાપનનાં અનુભવ પુરા પાડીએ તેમાં આ પ્રવૃત્તિઓ કરાવવાની છે.

પ્રશ્ન : પત્રક - A માટે અધ્યયન નિષ્પત્તિઓ કેવી રીતે પસંદ કરવી અને ક્યારે કરવી ?

જવાબ : પત્રક - A જેને આપણે રચનાત્મક મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ . આ ★અનૌપચારિક★ મૂલ્યાંકન સ્વરૂપનાં માળખામાં સમાવિષ્ટ છે . જ્યારે અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયા ચાલતી હોય તે દરમિયાન ★અનૌપચારિક★ રીતે ★જ★ જે અધ્યયન નિષ્પત્તિઓ ચકાસી શકાય તેમ હોય તેવી અધ્યયન નિષ્પત્તિઓને રચનાત્મક મૂલ્યાંકન માટે પસંદ કરી શકાય . આ અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી અને મૂલ્યાંકન શિક્ષકની વિશિષ્ટ આવડત માંગી લે તેવું કામ છે . આ માટેની અધ્યયન નિષ્પત્તિઓ શિક્ષકે અગાઉથી જ સત્રારંભે નક્કી કરી લેવી જોઇએ જેથી જે - તે અધ્યયન નિષ્પત્તિનાં અધ્યાપન કાર્ય વખતે મૂલ્યાંકનનું આગોતરૂં આયોજન થઈ શકે અને સાતત્યતાપૂર્ણ મૂલ્યાંકન થઇ શકે .

પ્રશ્ન : જીસીઈઆરટી દ્વારા આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિની યાદીમાં ૨૦ કરતાં વધારે અધ્યયન નિષ્પત્તિઓ આપવામાં આવી છે તો અધ્યયન નિષ્પત્તિઓ કેમ લેવી ?

જવાબ : જીસીઈઆરટી દ્વારા જે અધ્યયન નિષ્પત્તિઓની યાદી આપવામાં આવી છે તે અધ્યયન - અધ્યાપન માટેની યાદી છે . જ્યારે આપણે મહત્તમ ૨૦ અધ્યયન નિષ્પત્તિ લેવાની વાત કરીએ છીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપણે અનૌપચારિક મૂલ્યાંકન પત્રક- A ની વાત કરીએ છીએ . અનૌપચારિક રીતે મૂલ્યાંકન થઈ શકે તેવી મહત્તમ ૨૦ પ્રતિનિધિરૂપ ક્ષમતા જ પત્રક -A માટે લેવાની છે .

પ્રશ્ન : એકમ કસોટીમાં આપવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનાં આધારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માં મૂલ્યાંકન નોંધ કરી શકાય ?

જવાબ : એકમ કસોટી નિશ્ચિત માળખામાં લેવામાં આવે છે . અને તે લેખિત પ્રકારની એટલે ઔપચારિક પ્રકારની કસોટી છે જ્યારે રચનાત્મક પત્રકમાં અનૌપચારિક મૂલ્યાંકનની વાત છે . એકમ કસોટી જે - તે એકમ અથવા એકમોનાં અંતે લેવામાં આવે છે જ્યારે રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A સતત થતાં મૂલ્યાંકનનો ભાગ છે જે અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા દરમિયાન થાય છે

પ્રશ્ન - રચનાત્મક મૂલ્યાંકન પત્રક - A માટે જો મૌખિક પ્રશ્નો પૂછવામાં આવ્યા હોય તો તેનો આધાર કેવી રીતે રાખવો ?

અથવા પત્રક- A ના મૂલ્યાંકનનાં આધાર કેવી રીતે રાખવાં ?

જવાબ: અગાઉ એક પ્રશ્નના જવાબમાં વાત થઇ . રચનાત્મક મૂલ્યાંકનમાં એવી અધ્યયન નિષ્પત્તિઓની પસંદગી કરવામાં આવે છે જેનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવામાં આવતું હોય આ પ્રકારનાં મૂલ્યાંકન માટે શિક્ષકે આગોતરૂં આયોજન કરવું પડે તે પણ આપણે જાણ્યું . હવે વાત કરીએ આધારોની તો તમે જે - તે અધ્યયન નિષ્પત્તિ પત્રક - A માટે લીધી હોય તે માટે મૂલ્યાંકન પદ્ધતિનું આગોતરૂં આયોજન તો કર્યું જ હોય છે . આ આયોજન પણ તમારો આધાર બની શકે.

દૈનિકબુકમાં પણ મૂલ્યાંકન નોંધમાં તમે તે નોંધ્યું હશે . તમે રચનાત્મક મૂલ્યાંકન માટે કોઇ અનૌપચારિક ક્રિયાત્મક કસોટી નક્કી કરી હોય તો તેમાં વિદ્યાર્થીએ કરેલાં કામને આધાર તરીકે રાખી શકાય , મૌખિક પ્રશ્નોત્તરી અથવા ક્યારેક સામુહિક અનૌપચારિક મૂલ્યાંકન વખતે આધાર ન હોય તો ચાલી શકે પણ મૂલ્યાંકન સાતત્યતાપૂર્ણ કરવામાં આવ્યું હોય તે જરૂરી છે . ઉદાહરણ તરીકે કોઇ એક અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકશ્રી દ્વારા મૌખિક પ્રશ્નોત્તરી કરવામાં આવી હોય અને તેનાં આધારે રચનાત્મક પત્રક - A માં સિદ્ધિની નોંધ કરવામાં આવી હોય . હવે ફરીવાર જ્યારે અનૌપચારિક મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે અપવાદ અને સહજ અમુક વિદ્યાર્થી બાદ કરતાં બાકીનાં વિદ્યાર્થીઓ જવાબ આપી શકે તે આવશ્યક છે .

👉 પરિપત્ર ડાઉનલોડ કરો

માનનીય હરેશભાઈ ચૌધરી સાહેબનો રચનાત્મક મૂલ્યાંકન આધારિત વિડીયો જોવા અહી ક્લિક કરો

સંદર્ભ : Guidance on Continuous and Comprehensive Assessment (SCE) @ District Education and Training Bhavan, Sidsar – Bhavnagar

ધ્યાનમાં રાખવાની વાત : અહી આપેલ પત્રક A અને નીચે આપેલ પ્રશ્નો એ ફક્ત નમુના રૂપ છે શિક્ષક મિત્રો તમે તમારા ધોરણ માં વર્ગ ની પરિસ્થિતિ મુજબ અધ્યયન નિષ્પતિ માં બદલાવ કરી શકો છો..

શિક્ષણ સાગર એપ્લીકેશન ટીમ

રચનાત્મક મુલ્યાંકન પત્રક વિષય - ગણિત ધોરણ - ૭ (દ્વિતીય સત્ર)

શાળાનું નામ : **તા.** **પત્રક :- A** **સને: 2022-23**

ક્ર.નં.	વિદ્યાર્થીનું નામ	9. સંમેય સંખ્યાઓ			10. પ્રાયોગિક ભૂમિતિ		11. પરિમિતિ અને ક્ષેત્રફળ			12. બીજગણિતીય પદાવલિ			13. ઘાત અને ઘાતાંક			14. સંમિતિ			15. ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ			શિક્ષણ સાગર			
		M704 સંમેય સંખ્યાને લગતા વ્યવહારુ કોયડા ઉકેલે છે.	9.3 સંમેય સંખ્યાઓને પ્રમાણિત સ્વરૂપમાં ફેરવે છે	9.5 સંમેય સંખ્યાની પાયાની ચાર ક્રિયાઓ કરે છે	M 715 માપપટ્ટી અને પરિકરનો ઉપયોગ કરીને આપેલ રેખાની બહારના બિંદુમાંથી પસાર થતી સમાંતર રેખા રચે છે અને ત્રિકોણ રચે છે	10.1 સમાંતર રેખાની રચના કરે છે.	M725 બંધ સમતલીય આકૃતિઓની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે તથા વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે	11.1 લંબચોરસ તથા ચોરસની પરિમિતિ અને ક્ષેત્રફળનો ઉપયોગ કરે છે.	11.4 એકમનું રૂપાંતર તથા પરિમિતિ અને ક્ષેત્રફળનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે	M707 બૈજિક પદાવલિઓના સરવાળા અને બાદબાકી કરે છે.	12.1 એકપદી, દ્વિપદી, ત્રિપદી અને બહુપદી વિશે જાણે છે.	12.2 પદાવલિના સરવાળા-બાદબાકી કરે છે.	M705 ઘાત સ્વરૂપનો ઉપયોગ કરી મોટી સંખ્યાના ગુણાકાર અને ભાગાકાર કરે છે.	13.1 ઘાતાંકનો પરીચય મેળવે છે.	13.3 ઘાતાંકની દશાંશ પદ્ધતિ જાતે કરે છે.	M722 રૈખિક અને પરિભ્રમણિય સંમિતિ વિશે સમજ કેળવે છે.	14.1 રૈખિક સંમિતિનો ખ્યાલ મેળવે છે.	14.3 પરિભ્રમણિય સંમિતિ, કેન્દ્ર અને પરિભ્રમણિય કોણનો ખ્યાલ મેળવે છે.	M723 ઘન આકારોનું વિવિધ રજુઆતોથી પ્રત્યક્ષીકરણ કરે છે.	M723.1 ફલક, ધાર અને શિરો બિંદુ વિષે જાણે છે.	15.2 3D આકાર માટેની નેટ-રેખાકૃતિ દોરે છે.	સત્રાંતે વિદ્યાર્થીઓ એ મેળવેલ જે તે નિશાની ઓની કુલ સંખ્યા			૪૦ માંથી મેળવેલ ગુણ
		1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20	√	?	×	

પ્રકરણ – 9 સંમેય સંખ્યાઓ

M704 સંમેય સંખ્યાને લગતા વ્યવહારુ કોયડા ઉકેલે છે.

(1) 27 મીટર કાપડમાંથી સરખા માપના 12 શર્ટ બનાવવામાં આવે છે, તો દરેક માટે કેટલી લંબાઈનું કાપડ જોઈએ?

(2) જો $\frac{-5}{7} = \frac{x}{28}$ છે, તો X ની કિંમત શોધો.

9.3 સંમેય સંખ્યાઓને પ્રમાણિત સ્વરૂપમાં ફેરવે છે

(3) જો n = m x t અને q = n $\frac{\square}{\square}$ t તો $\frac{p}{q}$ =

(4) $\frac{18}{-24}$ નું પ્રમાણિત સ્વરૂપ ______________ છે.

(5) નીચેનામાંથી કઈ સંમેય સંખ્યા પ્રમાણિત સ્વરૂપમાં છે?

(A) $\frac{20}{30}$ (B) $\frac{10}{4}$ (C) $\frac{1}{2}$ (D) $\frac{1}{-3}$

શિક્ષણ સાગર

(6) આપેલ સંખ્યાઓને ચડતા ક્રમમાં લખો.

$\frac{1}{3}, \frac{-2}{5}, \frac{-1}{3}, \frac{3}{5}, \frac{4}{7}, \frac{-3}{5}$

(7) સંમેય સંખ્યાઓ $\frac{-7}{10}, \frac{5}{-8}, \frac{2}{-3}, \frac{-1}{4}$ અને $\frac{-3}{5}$ ને ચડતા ક્રમમાં ગોઠવો.

(8) સાદું રૂપ આપો.

$\frac{3}{7} \div \left(\frac{21}{-55}\right)$

shikshansagar.com · શિક્ષણ સાગર The King of Education

પ્રકરણ – 10 પ્રાયોગિક ભૂમિતિ

M 715 માપપટ્ટી અને પરિકરનો ઉપયોગ કરીને આપેલ રેખાની બહારના બિંદુમાથી પસાર થતી સમાંતર રેખા રચે છે અને ત્રિકોણ રચે છે

(1) રેખા n દોરો તેના પર કોઈ બિંદુ A લો. A માંથી n ને લંબ રેખા દોરો. તેના પર B બિંદુ લો. જે n થી 3 સેમી દૂર હોય. B માંથી n ને સમાંતર રેખા જો દોરો.

10.1 સમાંતર રેખાની રચના કરે છે.

(5) બાજુનું માપ 6 સેમી હોય તેવા સમબાજુ ત્રિકોણની રચના કરો.

પ્રકરણ – 11 પરિમિતિ અને ક્ષેત્રફળ

M725 બંધ સમતલીય આકૃતિઓની પરિમિતિ અને ક્ષેત્રફળ શોધે તથા વ્યવહારમાં તેનો ઉપયોગ કરે છે

(1) નીચે આપે આકૃતિમાં ΔMNO નું ક્ષેત્રફળ =



(A) $\frac{1}{2} \times MN \times NO$

(B) $\frac{1}{2} \times NO \times MO$

(C) $\frac{1}{2} \times MN \times OQ$

(D) $\frac{1}{2} \times NO \times OQ$

(2) આકૃતિમાં દર્શાવેલ ચોરસ MNOP નું ક્ષેત્રફળ 144 સેમી^{2} છે. આકૃતિમાં દર્શાવેલ દરેક ત્રિકોણનું ક્ષેત્રફળ શું થશે?



(3) 28 મી વ્યાસ ધરાવતા વર્તુળાકાર બાગની ફરતે તારની વાડ કરાવવાની છે. જો 1 મીટર વાડ કરાવવાનો ખર્ચ રૂ 1300 હોય તો વાડ કરાવવાનો કુલ ખર્ચ કેટલો થાય?

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર

11.1 લંબચોરસ તથા ચોરસની પરિમિતિ અને ક્ષેત્રફળનો ઉપયોગ કરે છે.

(4) એક ઓરડાની દિવાલનું માપ 5મી x 4મી છે. આ દિવાલમાં આવેલી બારી તથા દરવાજાના માપ ક્રમશઃ 1.5મી x 1મી અને 2.25મી x 1મી છે. જો આ દિવાલને રંગકામ કરાવવું હોય તો તે માટેનું ક્ષેત્રફળ શોધો.

11.4 એકમનું રૂપાંતર તથા પરિમિતિ અને ક્ષેત્રફળનો રોજિંદા જીવનમાં ઉપયોગ કરે છે

(5) 6cm x 5cm ના લંબચોરસ કાગળમાંથી 3cm x 2cm નો એક લંબચોરસ ટુકડો કાપી લેવામાં આવે, તો બાકી રહેતા કાગળનું ક્ષેત્રફળ શોધો.

(6) 8 સેમી બાજુવાળા ચોરસમાં વિકર્ણ છેદવાથી બનતા ચારેય ત્રિકોણના ક્ષેત્રફળ સમાન છે. તો દરેક ત્રિકોણનું ક્ષેત્રફળ કેટલું થાય?

(A) 64 સેમી^{2} (B) 16 સેમી^{2} (C) 24 સેમી^{2} (D) 32 સેમી^{2}

પ્રકરણ – 12 બીજગણિતીય પદાવલિ

M707 બૈજિક પદાવલિઓના સરવાળા અને બાદબાકી કરે છે.

(1) અર્જુને x લંબાઈ તથા y પહોળાઈ વાળો એક લંબચોરસ પ્લોટ લીધો અને તેમાંથી તેણે y પાયો તથા Z ઉંચાઈ ધરાવતો ત્રિકોણાકાર ભાગ વેચી દીધો તો હવે અર્જુન પાસે વધેલા પ્લોટનું ક્ષેત્રફળ શોધો.

(2) જો એક ચોરસ મીટર લૉન લગાડવાનો ભાવ રૂ X હોય તો એક ત્રિકોણાકાર મેદાન કે જેનો પાયો y મીટર અને ઉંચાઈ z મીટર છે. તેમાં લોન લગાડવાનો કુલ ખર્ચ કેટલો થશે?

12.1 એકપદી, દ્વીપદી, ત્રિપદી અને બહુપદી વિષે જાણે છે.

(3) એકપદીમાં કુલ પદની સંખ્યા ___________ છે.

(4) Ba^2b અને $7ba^2$ એ_______________ પદ છે.

(5) $-5a^2b$ અને $-5b^2a$ એ _______________ પદ છે.

12.2 પદાવલિના સરવાળા–બાદબાકી કરે છે.

(6) નીચે આપેલ પદાવલિના સરવાળા કરો.

(a) $p^2 - 7pg - g^2$ અને $-3p^2 - 2pq + 7q^2$

(b) $x^3 - x^2y - xy^2 - y^3$ અને $x^3 - 2x^2y + 3xy^2 + 4y$

શિક્ષણ સાગર

(c) $x^3y^2 + x^2 y^3 + 3y^4$ અને $x^4 + 3x^3y^3 + 4y^4$

(d) uv - vw, vw - wu અને wu - uv

(7) બાદબાકી કરો

(a) $3p^2qr$ માંથી $7p^2qr$

(b) $2x^4 – x^3y^3 + 7y^4$ માંથી $x^4 + 3x^3y^3 + 5y^4$

(c) $-a^2 – b^2 + 2ab$ માંથી $–2a^2 - 2b^2$

(d) $y^3 - 15y^2 - y - 11$ માંથી $11 - 15y^2$

પ્રકરણ–13 ઘાત અને ઘાતાંક

M705 ઘાત સ્વરૂપનો ઉપયોગ કરી મોટી સંખ્યાના ગુણાકાર અને ભાગાકાર કરે છે.

(1) 3^3 ને કેટલા વડે ગુણતા 3^7 મળે?

(2) $\left(\frac{2}{9}\right)^3 \times \left(\frac{2}{9}\right)^6 = \left(\frac{2}{9}\right)^{2m-1}$ માટે m ની કિંમત શોધો.

(3) જો a = 3 અને b = 2 હોય તો $\frac{(a+b)^a}{(a+b)^b}$ ની કિંમત શોધો.

(4) $27^t - 27^2 = 3^{15}$ હોય તો t ની કિંમત શોધો.

13.1 ઘાતાંકનો પરીચય મેળવે છે.

(5) ઘાત સ્વરૂપે લખો :

(i) 3 × 3 × 3 × a × a × a × a
=____________________

(ii) 4 × 4 × b × b × b × c x c x c x c
=____________________

(iii) 5 × 5 × 1 × 1 × 5 × 5 × t
=____________________

13.3 ઘાતાંકની દશાંશ પદ્ધતિ જાતે કરે છે.

(6) નીચેની સંખ્યાઓને પ્રમાણિત સ્વરૂપમાં દર્શાવો.

(i) 76,47,000 (ii) 8,19,00,000

(7) કિંમત શોધો : $\frac{5^4 \times 7^4 \times 2^7}{8 \times 4^9 \times 5^3}$

(8) $\left(\frac{2}{3}\right)^3 x \left(\frac{5}{7}\right)^3$ બરાબર ______

(A) $\left(\frac{2}{3} x \frac{5}{7}\right)^9$ (B) $\left(\frac{2}{3} x \frac{5}{7}\right)^6$ (C) $\left(\frac{2}{3} x \frac{5}{7}\right)^3$ (D) $\left(\frac{2}{3} x \frac{5}{7}\right)^0$

પ્રકરણ–14 - સંમિતિ

M722 રૈખિક અને પરિભ્રમણિય સંમિતિ વિશે સમજ કેળવે છે.

પ્રશ્ન–1 ખરાં–ખોટાની નિશાની કરો.

(1) વર્તુળને 2 રૈખિક સંમિતિઓ હોય. ☐

(2) ખૂણાને 2 રૈખિક સંમિતિઓ હોય. ☐

(3) નિયમિત ષટકોણને છ રૈખિક સંમિતિઓ હોય. ☐

(4) સમબાજુ ચતુષ્કોણને ચાર પરિભ્રમણિય સંમિતિઓ હોય. ☐

(5) કોઈ એક આકૃતિની પરિભ્રમણીય સંમિતિ 4 હોય અને તેનો પરિભ્રમણીય કોણ 180^0 હોય. ☐

(6) અરીસાનું પ્રતિબિંબ હંમેશા સંમિતિ દર્શાવે છે. ☐

(7) કોઈ વસ્તુ જે નિશ્ચિત બિંદુની આસપાસ ફરે છે. તેને પરિભ્રમણિય કેન્દ્ર કહેવાય છે. ☐

14.1 રૈખિક સંમિતિનો ખ્યાલ મેળવે છે.

(1) નીચેનામાંથી કઈ આકૃતિને રૈખિક સંમિતિ નથી.

(2) આપેલી આકૃતિમાં કેટલી રૈખિક સંમિતિ છે.

(A) 1 (B) 3 (C) 6 (D) અનંત

(3) નીચેનામાંથી કોણ રૈખિક સંમિતિ ધરાવે છે?



14.3 પરિભ્રમણિય સંમિતિ, કેન્દ્ર અને પરિભ્રમણિય કોણનો ખ્યાલ મેળવે છે.

પ્રશ્ન–3 ખાલી જગ્યા પૂરો.

(1) સમદ્વિભુજ કાટકોણ ત્રિકોણમાં____________ રૈખિક સંમિતિ હોય.

(2) સમબાજુ ચતુષ્કોણને ________રૈખિક સંમિતિ તથા__________ પરિભ્રમણીય સંમિતિ હોય છે.

(3) અંગ્રેજી મૂળાક્ષર H, N, S અને z ને __________ પરિભ્રમણીય સંમિતિઓ છે.

(4) લંબચોરસને _______________પરિભ્રમણીય સંમિતિઓ હોય.

(5) વર્તુળને _______________પરિભ્રમણિય સંમિતિઓ હોય.

પ્રશ્ન–4 સૂચના મુજબ કરો.

❖ એક નીચેના પૈકી કઈ કઈ આકૃતિ રૈખિક અને પરિભ્રમણિય બંને સંમિતિ ધરાવે છે તે આકૃતિ પરથી કહો.

(7)

(8)

(9)

(10)

પ્રકરણ–15 ઘન આકારોનું પ્રત્યક્ષીકરણ

M723 ઘન આકારોનું વિવિધ જગ્યાએથી પ્રત્યક્ષીકરણ કરે છે.

(1) નીચે આપેલ રેખાકૃતિ વડે સમઘન રચી શકાય છે. તો તે પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો.



(i) AN સાથે કઈ ધાર જોડાશે?

(ii) DE સાથે કઈ ધાર જોડાશે?

(2) **નીચે આપેલ ઘનાકારમાં કેટલા સમઘન છે? તે ગણો અને નીચે આપેલ કોષ્ટકમાં લખો.**

(i)



(ii)



(3) **આપેલ આકૃતિ કયા ઘન આકારની છે?**



(A) ત્રિકોણ

(B) શંકુ

(C) પ્રિઝમ

(D) પિરામિડ

(4)



ાં ફલક (F) કેટલા છે?

(A) 6 (B) 7

(C) 8 (D) 9

M723.1 ફલક, ધાર અને શિરો બિંદુ વિષે જાણે છે.

પ્રશ્ન–5 યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) પિરામિડના બધા ફલક હંમેશા કેવા હોય?

(A) ત્રિકોણીય (B) ચતુષ્કોણીય (C) એકરૂપ (D) ઉપર પૈકી એક પણ નહીં.

(2) નીચે પૈકી કયો ત્રિપરિમાણિય આકાર છે?

(A) ચોરસ (B) ગોલક (C) ત્રિકોણ (D) વર્તુળ

(3) નળાકારમાં કુલ કેટલી ધાર હોય છે?

(A) 0 (B) 1 (C) 2 (D) 3

(4) જે ઘનાકારના સામસામેના બે ફલક એકરૂપ હોય અને અન્ય ફલક સમાંતર બાજુ ચતુષ્કોણ હોય એવો ઘનાકાર ક્યો?

(A) પ્રિઝમ (B) પિરામિડ (C) શંકુ (D) ગોલક

(5) એક શિરોબિંદુ, એક વક્રસપાટી અને એક વર્તુળાકાર ફલક ધરાવતા ઘનાકારને શું કહે છે?

(A) શંકુ (B) ગોલક (C) નળાકાર (D) પ્રિઝમ

15.2 3D આકાર માટેની નેટ–રેખાકૃતિ દોરે છે.

(6) ત્રિકોણીય પ્રિઝમની રેખાકૃતિ દોરો.

(7) ત્રિકોણીય પિરામિડની રેખાકૃતિ દોરો.

shikshansagar.com · શિક્ષણ સાગર · The King of Education

शिक्षण सागर

આવું તમામ ધોરણનું વિષય વાઈઝ અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રશ્નો માટે નીચે આપેલ ધોરણ સામે ક્લિક કરો.

ધોરણ – ૩ CLICK HERE

ધોરણ – ૪ CLICK HERE

ધોરણ – ૫ CLICK HERE

ધોરણ – ૬ CLICK HERE

ધોરણ – ૭ CLICK HERE

ધોરણ – ૮ CLICK HERE



shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર

SHIKSHAN SAGAR

(શિક્ષણ સાગર)

એપ્લીકેશન ની વિશેષતા

શિક્ષણ સાગર
The King of Education
shikshansagar.com

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION